જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૮/૦૪/૨૦૨૩ શુક્રવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૯૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૪ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૧૭૧ લીટર દેશી દારૂ, ૨૦ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૪૮ ક્વૉટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૨,૬૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૯૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૩૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ સમાચાર યાદી નં.૬૯૨/૨૦૨૩

**બોડકદેવઃ** ઓર્ઘો સ/ઓ સિબસંકર ચેટર્જી (ઉ.વ.૩૮)(રહે.ઓર્ચીડ પેરેડાઈઝ સફલ પરીસરની સામે સાઉથ બોપલ) એ તા.૨૭/૦૪/૨૦૨૩ ના રોજ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૧૧/૨૦૨૨ થી તા.૨૧/૦૨/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન પ્લોટ નંબર-૧૨૯ સીમ્સ હોસ્પિટલની બાજુમાં આવેલ “કર્ણાવતી વ્હીલ્સ પ્રા.લી” ખાતે નોકરી કરતા આરોપી (૧)દર્શીલ સુરેશભાઈ પટેલ (રહે.પલ્લવ સોસાયટી, અનીલ શો-રૂમ પાછળ નરોડા બેઠક સામે નરોડા) (૨) અર્પિત બીપીનભાઈ સચાણીયા (રહે.માઈ ભક્ત સોસાયટી, ગેલેક્ષી સિનેમા પાસે નરોડા) એ ભેગામળી પોતાની નોકરીના સમયગાળા દરમ્યાન ઓર્ઘો ચેટર્જીની કંપનીનીમાંથી અલગ-અલગ ફોર વ્હીલ જુની ગાડીઓ કુલ-૧૨ વેચવા માટે લીધેલ હતી. જે ગાડીઓના વેચાણ પેટેના કુલ રૂપિયા ૪૭,૧૨,૦૦૦/- કંપનીમા જમા નહી કરાવી, કંપની સાથે છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એ.ચૌહાણ ચલાવે છે.

**કાગડાપીઠઃ** દેવલ મનહરભાઇ પરમાર (ઉ.વ.૩૩)(રહે.યોગીનગર ટાઉનશીપ, રામાકાકા ડેરી સામે છાણી, વડોદરા) એ તા.૨૭/૦૪/૨૦૨૩ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૧૦/૨૦૨૨ થી તા.૨૮/૦૨/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન ઇકા કલબ ટ્રાન્સ્ટેડીયા ખાતે આવેલ હરીકૃપા એન્ટરટેઇન્મેન્ટ પ્રા.લી.માં "કોન પ્લેકસ સ્માર્ટ થીયેટર" ખાતે નોકરી કરતા આરોપી ગુંજન દીલીપભાઇ ભટ્ટ (રહે.વ્રજ ગેલેકસી એપામેન્ટ નોડા બિઝનેશ હબની પાછળ, હંસપુરા, નવા નરોડા)એ નોકરી દરમ્યાન અલગ-અલગ તારીખે કુલ રૂપિયા ૨,૯૦૦૦૦/- કંપનીમાં નહી ભરી પોતે રાખી લઇ દેવલ પરમાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.ડી.પટેલ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૬૯૩/૨૦૨૩**

**કૃષ્ણનગરઃ** અતુલકુમાર સેવંતીલાલ શાહ (ઉ.વ.૫૦)(રહે.પાયલપાર્ક નયનનગર જૈન દેરાસરની બાજુમાં કૃષ્ણનગર) એ તા.૨૭/૦૪/૨૦૨૩ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૩/૨૦૨૩ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે નવા નરોડા બાપા સીતારામ ચોક અમીધારા શોપીંગ સેન્ટર ખાતે આવેલ "સુવર્ણ મોતી" નામની અતુલકુમારની સોના-ચાંદીની દુકાને ગ્રાહકનાં સ્વાંગમાં આવેલ બે પુરૂષ અને બે સ્ત્રીઓ તેમજ એક નાની છોકરી અતુલકુમાર શાહની નજર ચૂકવી સોનાની કાંટી(ચુની) નંગ-૨૪ નુ પેકેટ કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- ચોરી કરી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૬૯૪/૨૦૨૩**

**"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** મહેશકુમાર ભીખાભાઇ જાદવ (ઉ.વ.૩૭)(રહે.નાનો વાસ, નેનપુર ગામ, તા.મહેમદાવાદ જી.ખેડા)તા.૨૭/૦૪/૨૦૨૩ સવારના ૯/૩૦ વાગ્યાના સુમારે વટવા જીઆઇડીસી ફેજ-૦૨ ખાતે આવેલ પુષ્કર નજીક રોડ ઉપર ઓટોરીક્ષામાં બેસી પસાર થઇ રહ્યા હતા ત્યારે લોડીંગ રીક્ષા નંબર જીજે.૨૭.ટીબી.૬૬૩૧ ના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે લોડીંગ રીક્ષા ચલાવી લાવી, ઓટોરીક્ષાને પાછળથી ટક્કર મારતા, મહેશકુમારને શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લાવતા સવારના ૧૦/૫૫ વાગે ફરજ પર ના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મરણ જનાર મહેશકુમાર જાદવના ભાઇ હસમુખભાઇ જાદવ એ "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ ઇ.પો.ઇ.શ્રી એન.જે.મારૂ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૬૯૫/૨૦૨૩**

**નવરંગપુરાઃ** મોહન સ/ઓ વિજયસિંહ રામેશ્વર (ઉ.વ.૨૫)(રહે, મેલડીમાતાના મંદિર પાસે આવેલ ચાલીમા ગલી નંબર-૦૫ ચાણક્યપુરી ઘાટલોડીયા)એ અગમ્ય કારણસર તા.૨૭/૦૪/૨૦૨૩ સાંજના ૬/૪૫ વાગ્યાના સુમારે નવરંગપુરા મીઠાખળી છ રસ્તા સરદાર પટેલ સેવા સમાજની ગલીમા ઉર્વશી એપાર્ટમેન્ટ “બી” બ્લોક સાતમા માળે આવેલ ફ્લેટમાં રૂમમા લટકતા ઇલેકટ્રીકના વાયર વડે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નવરંગપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સોનલબહેન હિમાંશુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી